## રંજાડી ઘોડા

શાંત રહો રંજાડી ઘોડા, શાંત રહો;
હાવણિયા ટંકાર કર્યે અંધારાં ઊતરે થોડાં? શાંત રહો...

આ દિશ ઓ દિશ ફરે અધીરાં, ઉભડક-ઉભડક બેઠાં;
આકાશી વડલાએ સંઘરી રાખ્યાં ચકમક ટેટા.
કાન સૂણી ભયભીત, ડકારી ખાધો કોણે સૂરજ?
આકળ-વ્યાકળ આંખ શોધતી ઊંચો ઊંચો બૂરજ.
અધ્ધર ગોખે બૈઠ માયાવી કરતું ઢાંકપિછોડા,
શાંત રહો રંજાડી ઘોડા, શાંત રહો...

દ્યોત પીય ગયા સકલ આગિયા, આવ્યાં'તા પિધ્ધોડી;
ચટકે ચામડતોડ તણખિયાં લથડે લંગડી ઘોડી.
ઊપડ્યો છે તળવાટ ડાબલે દીધાં કાળાં ડામ.
હાલકડોલક થાય સેવટી, ખરતો રે' સરંજામ.
કોટ્યૂં, કાંધી, ઘૂઘી, જેરબંધ... તૂટ્યાં પગનાં તોડા,
શાંત રહો રંજાડી ઘોડા, શાંત રહો...

કોઈ ધુરાવી વહેંચે લંબસમ ઝગમગ-ઝગમગ ફોરાં;
એક ફલક પર ઝાકમઝોળી, ઇત્તરે કોરાં-કોરાં.
મેઘતિમિરા પીવે શૂરા, થાતાં અધિક પ્રચૂરા;
તેજ થતે જ્યાં ચૂરાચૂરા, બગડે ઔર અસૂરાં.
વેળુમાં દીઠો હો ભાનુ એમ કરે રગદોડાં,
શાંત રહો રંજાડી ઘોડા, શાંત રહો...

## જળ ઝીલી લે આગ

જળ ઝીલી લે આગ;
જળમાં જીવન બેઠું'રે, અગ્નિ પીડાનો રાગ.
          જળ ઝીલી લે આગ...

અગ્નિનાં છે ઊંચાં શિખર, જળના પહોળા હાથ;
જવર જલદ હો ભલે જ્વાળના જળ ભીડી લે બાથ.
અગ્નિના દીધેલા ડામે પડે ના જળમાં દાગ,
          જળ ઝીલી લે આગ...

અગ્નિ છો માઝા મૂકીને જળની ઉપર ઝમે;
ઊંડા-ઊંડા સવાસ લઈને જળ અગ્નિને ખમે.
જળ ભરતું ઉચાળા-કાળાં, અગ્નિ ભાગમભાગ,
          જળ ઝીલી લે આગ...

જોર હજો કેવાં?- અગ્નિને જળની જીભે મૂકો;
જળ જો ખૂટી જાય, તો લગરીક જળ અગ્નિમાં ફૂંકો.
અગ્નિએ પીધેલાં જળનો મળે કદી ના તાગ,
          જળ ઝીલી લે આગ...

## મૂછનું ગીત

મૂછો છે કેવી નફ્ફટ;
અંબોડે બાંધેલા જોબનિયાની એ તો આવીને ખેંચી લે લટ.
મૂછો છે કેવી નફ્ફટ.

કાળીછમ વાડીની વચ્ચોવચ ઊભો છે વડલો બે બાવડાં ફેલાવી;
'વડવાયે ઝૂલવાને આવી જા'- એમ કહી મૂછોને ભરતો જાય ચાવી.
વડલાની નીચે મધમીઠો છે કૂવો તું આવીને પીય લેજે ઝટ;
મૂછો છે કેવી નફ્ફટ!

કાંટાળી બોરડિયે બેઠો'તો મોર, મેં આઘેથી મલકાતો જોયો;
મૂછોના ગોખમાં છતરાયો ચોર, ચણ નાખીને ભરમાવે રોયો.
તમતીખો છે તોર, મને છોલી ગ્યો થોર, મારા ડિલે ચકામાં લાગઠ;
મૂછો છે કેવી નફ્ફટ!

ડાબડૂબ થાય મારી નીંદરમાં મધરાતે, તરસ્યાં રે પંખીની ચાંચ;
મૂઇ રે મેનકા સૂતેલાં જળમાં આવીને પાડી દે ખાંચ.
ચાંચમાં જોયું મેં લાખેણું મોતી, ને મૂછોનો તાણ્યો ઘૂંઘટ;
મૂછો છે કેવી નફ્ફટ!

રૂંવાડે રૂંવાડે ઊભી છે ખેતી, કે મૂછોનું ફરતું રે હળ;
મારામાં તરતી રે મૂછોની હોડી, ને દરિયામાં ફૂટે છે જળ.
પાંચે લગામ મારી રાખે છે હાથમાં, મરમર હથેળી બળકટ;
મૂછો છે કેવી નફ્ફટ!

## મીરાંનું પુનરાગમન

મીરાં ફરી-ફરીને આવી,
દરિયામાં રેડી'તી, દરિયો તરી-તરીને આવી.
          મીરાં, ફરી-ફરીને આવી...

દરિયામાં રેડી'તી, જંગલમાં આઘે છોડી'તી;
બાઈ ભલીને રણમધ્યે રડતી આંખે છોડી'તી.
આંસુની પગદંડીએ ડગ, ભરી-ભરીને આવી,
          મીરાં, ફરી-ફરીને આવી...

દૂર ધજા જેવું એ ફરકી, ભીતર વાગી ઝાલર;
સરસર કરતી જાય રે સરકી, મેલી-ઘેલી ચાદર.
જોઈ મને અંધારે, દીવો કરી-કરીને આવી,
          મીરાં, ફરી-ફરીને આવી...

ઊભી હું ઘરથાળ, હજુ ને તું ઘરફાડું ઘેલી;
સાંભળ, ઓ વૈરાગણ વેલી, વાત નથી આ સ્હેલી.
માટીમાં ધરબી'તી, રસ્તો કરી-કરીને આવી,
          મીરાં ફરી-ફરીને આવી...

## પીંછું પાછું લઈ જા

પીંછું, ઊંડું રે ઊંડું ઉતરી જાય, શ્યામ પાછું લઈ જા.
મારા જળમાં કુંડાળા જેવું થાય, પીંછું પાછું લઈ જા.
ઓ શ્યામ, પાછું લઈ જા.

પીંછું તો પીંછું શાને લાગે છે ભાર જી?
પારેવું બેસે કોઈ'દી ફફડે ના તાર જી.
પીંછું તો પીંછું જળમાં ઊગ્યું કમળ જી;
પીંછાએ ક્યાંથી ચીતર્યાં જળમાં વમળ જી.
મારા, જળમાંહે છીંડા મૂકી જાય... પીંછું પાછું લઈ જા.

પીંછાની પાંખે થ્યા'તા, રંગો અસવાર જી,
પીંછાના રાજા દઈને ગ્યા'તા, ઉપહાર જી,
અડધેથી છોડી દીધો પીંછાએ રંગ જી,
આંધળા પીંછાએ જળને રાખ્યું છે તંગ જી;
ધોળું, પીંછું તો પીંછું ના કહેવાય... શ્યામ, પાછું લઈ જા.

તરવાના કેટલાં બાકી, દરિયા તો સાત જી;
કેટલામે દરિયે કે'જો ઊગે પરભાત જી.
ઊંડા તે જળના તળિયે હોવે જો નભ જી;
કેટલાં પગથિયાં બાકી, બોલો વલ્લભ જી?
પીંછું, દોડે-દોડે, જળ હાંફી જાય... શ્યામ પાછું લઈ જા.

## આળું દીધું મન

આળું દીધું મન, રે અમને આળું દીધું મન;
લઈને હથેળીમાં ફરવાનું, જળનું ઝીણું રતન,
રે અમને આળું દીધું મન...

ચોક વચાળે ભડભડ દીવો, પીવો અંધારું પીવો;
નમણી નાજુક સોય મળી, સીવો અંધારું સીવો.
જ્યોત જલાવો... જીવો... જીવો, આભ બન્યું છે પવન,
રે અમને આળું દીધું મન...

આખર ક્યાં જાવાનું બોલો, આભથી લટકી સીડી;
પંડ્યથી ભારી લઈને પીડા, ચડતી પડતી કીડી.
કીડીબાઈ ખંતથી ખેડો, આભમાં ઊગ્યું ચમન,
રે અમને આળું દીધું મન...

## કોણ રમાડે રાસ ઊંચો ઊંચો

કોણ રમાડે રાસ ઊંચો ઊંચો?
અમને લાગે થાક ઊંચો ઊંચો
પગ ખેંચે અંધારાં ઊંડા ઊંડા,
દૂર ઊડે અજવાસ ઊંચો ઊંચો.

જીવ બળ્યો આ માછલિયુંની જાત,
તટ દેખાડે દરિયો ઊંચો ઊંચો
ચાર પગે માટીમાં ઊભા શ્વાસ,
નભ ધરે સાંવરિયો ઊંચો ઊંચો.

આડેધડ ચોપાસે ઊગ્યું ઘાસ,
દૂર બતાવે બગલો ઊંચો ઊંચો.
કીડીબાઇ, દોરીએ બાંધ્યું આભ,
રોજ ચડે છે ઢગલો ઊંચો ઊંચો.

## પરીકથા

આવ, તને હું એક પરીની કથા કહું;
પાંખ વિનાની એક પરીની વ્યથા કહું.

પરીને એક નદી બહુ ગમતી.
પરી ત્યાં સાંજ સવારે રમતી.
નદી વચમાં કમળ ઊભું'તું.
પરીને એમ કે જળ ઊભું'તું.
ભરી ખેંચાણ પ્રબળ ઊભું'તું.
ધરીને ભેખ ત્યાં છળ ઊભું'તું.
શું થયું'તું – એ પછીની કથા કહું.
          આવ, તને હું એક પરીની કથા કહું.

પરીને જંગલના ખેંચાણ.
પરીને વાગ્યાં લીલાં બાણ.
ચીસ પાડી હરણ બોલાવે.
પરીને લીલાં રણ બોલાવે.
હતું જંગલમાં નભનું કાણું.
પરીને કેમેય ના દેખાણું.
શું થયું'તું, એ પછીની કથા કહું.
          આવ, તને હું એક પરીની કથા કહું.

પરીને એક અરીસો ગમતો.
પરીસંગ સંતાકૂકડી રમતો.
અરીસે ઊંડી ઊંડી ખાઇ;
પરીને કેમેય ના દેખાઇ.
પરીએ જોઈ પરી સાવ જુદી;
અરીસામાં પરી ગઈ કૂદી.
શું થયું'તું, એ પછીની કથા કહું.
          આવ, તને હું એક પરીની કથા કહું.

ગુમ થયેલી જિંદગીની વ્યથા કહું.
          આવ, તને હું એક પરીની કથા કહું.

## કહો આંકડા શું કહે?

કહો, આંકડા શું કહે?
વાત તમારી માની લેશે, લોક રાંકડા શું કહે?
    કહો, આંકડા શું કહે?

કેટલાં ઘરનાં તૂટ્યાં મોભ? કેટલાં બૂઝયાં દીવા?
કેટલાં મીટર દોરી લઈને તમે આંકડા સીવ્યાં?
ઊડીઊડીને આંખે વળગે, ખાલી બાંકડા શું કહે?
    કહો, આંકડા શું કહે?

જીવતેજીવત તમે આંકડા કફન ઓઢાડી ઢાંક્યાં;
તમે ભૂલથી તમારા ઘરમાં સાપ સાલવી રાખ્યાં.
સળવળ સળવળ થાય હવે એ, કહો રાફડા શું કહે?
    કહો, આંકડા શું કહે?

તમે આંકડા તોડીમરોડી પધરાવી દીધાં જળમાં;
નદિયું ભાગીદાર બની નહીં, ક્યાંય તમારા છળમાં.
સમશાનોમાં ખૂટી પડ્યાં’તાં? કહો, લાકડાં શું કહે?
    કહો, આંકડા શું કહે?

## જા... છોડી દીધું

જા... છોડી દીધું;
છેલ્લું છેલ્લું પાન હતું, મેં ડાળી પરથી તોડી દીધું,
જા... છોડી દીધું.

એક પછી બીજું ખંખેરી દીધું પીંછું સામે થય;
પીંછાઓના પિંડમાં રહીને રંગો હાથ ઉગામે નય.
એક કટારી લઈને ભગવી, રંગોનું ધણ બોડી દીધું,
જા... છોડી દીધું.

પાંચ-પાંખાળા અણઘડ ઘોડા તડબડ-તડબડ દોડ્યાં;
જઈ-જઈને ક્યાં જાતે? એ તો વણમાથે ધડ, દોડ્યાં.
પગને ઘાલો પેટ 'મિરાધા', આખી અવની દોડી લીધું,
જા... છોડી દીધું.

દડતું, પડતું, ખરતું, મરતું, દરિયામાં સમતલ થાજો;
'અથઃ અસ્તુ' થાવ અરસ્તુ, છાતીમાં ખડતલ થાજો.
આજ નમાયા મનનું સગપણ માટી સંગે જોડી દીધું,
જા... છોડી દીધું.

## કડવીબેનનું ગીત

કડવી તે લીમડાની ડાળ;
સાચ-સાચ બોલવાની જીદે મૂકી છે કડવીની જીભે જંજાળ,
          કડવી તે લીમડાની ડાળ...

સીધાં ઉતારીને લાવી છે ઝાડથી, તાજાં છે કડવીનાં વેણ;
ના ચાખ્યાં, ના જોખ્યાં, ના બાંધ્યાં, ના સાંધ્યાં, કડવીને આવડે ન રેણ.
ઊંડું હોય પાતર તો ઝીલી પણ લે, એક છીછોરાએ દઈ દીધી ગાળ,
          કડવી તે લીમડાની ડાળ...

કડવીના બોલને મોહરાં, મુખોટાં ના પહેરાવ્યાં કોઈદી'યે વાઘાં;
છતરાયા ચાલે છે પળકોરા કડવીથી, ખિદમતિયા આઘાં ને આઘાં.
કડવી તે સાવેય ઉઘાડો અરીસો કે શાણાઓ રાખે સંભાળ,
          કડવી તે લીમડાની ડાળ...

ઠળયાવી ચોકલેટું વેચી-વેચીને, આજ તગડાં થયા છે કંદોઈ;
પડઘામાં પથરા લઈ પાછી ફરી છે, કે કડવી છે કરમી કળોઈ.
કડવીની કથનીનો આવે ના પાર, એની જીભે બેઠો છે વેતાળ,
          કડવી તે લીમડાની ડાળ...

## વાયરો વાત કરે ઝાઝી

વાયરો વાત કરે ઝાઝી;
અફવાઓ પથ્થર બનીને પૂજાય, અહીં કણ-કણમાં બેઠાં છે કાજી,
        વાયરો વાત કરે ઝાઝી.

અંધારું આવીને ઘેટાની પીઠ પર ચિતરે ગધ્ધાજીનું નામ;
ઘેટાની પીઠ પર ખાતરની ખાણ, હવે ગધ્ધાજી ગજવે છે ગામ.
ઘેટાની પીઠે સફળતાનું ગીત હવે ગાતા રહે છે ગધ્ધાજી...
        વાયરો વાત કરે ઝાઝી

સાંભળ્યું છે એમ કહી મમરો મુકાય, એના વાયરામાં લટકે છે મૂળ;
આભેથી ફૂટી છે મબલખ વડવાઇયું ને અધ્ધર છે વડલાનાં કુળ.
કીડીના પેટેથી જન્મ્યો છે હાથી, ખબર સાવ તાજી છે તાજી...
        વાયરો વાત કરે ઝાઝી.

## થાવું નથી અનુરાગી

થાવું નથી અનુરાગી,
ના'રે... થાવું નથી અનુરાગી.
હોવું, એ અધિકાર છે મારો, દઉં અધિકાર હું ત્યાગી?
ના'રે થાવું નથી અનુરાગી...

ઓછું થાય ન થાય ઉમેરણ, હોવું અખંડ અનન્ય છે.
હોવું એ ના હોવા સરખું, જેનું હોવું અન્ય છે.
ધન્ય હો ધન્ય આપ અખંડ, રહ્યાં શૂન્ય અમે બડભાગી,
ના'રે થાવું નથી અનુરાગી...

આંખ છે કેવળ આંખ મિરાધા, શોધ નહીં ત્યાં દર્પણ;
સ્વસ્થાપનની મથામણ સઘળી, હોઈ શકે ન સમર્પણ.
રાગ બને જ્યાં રોગ-સ્વયંભૂ ચેતન જાતું જાગી,
ના'રે થાવું નથી અનુરાગી...

સ્વાભિમાનનું થાય પતન જ્યાં, છે આસક્તિ, છોડ હવે;
શંકાને કોઈ સ્થાન નથી ત્યાં, નથી એ ભક્તિ, છોડ હવે.
નિર્મોહીનો મોહ કરે જે, થઈ જાતું વૈરાગી,
ના'રે થાવું નથી અનુરાગી...

## વીજળીના તાર પર ચડી ગયેલી વેલીનું ગીત

વીજળીતારે વેલ ચડી;
જડવત્ ઊંચા પર્વત ઉપર જાણે કોઈ રેલ ચડી...
          વીજળીતારે વેલ ચડી!

ભખ-ભખ, ભખ-ભખ લીલું બોલે, સૂણતો રહે પહાડ;
લળી-લળી વીંટળાતી જાતી, સમજી એને ઝાડ.
મૂંગા કાળા જળને પીતી, લીલી રેલમછેલ ચડી...
          વીજળીતારે વેલ ચડી!

પળમાં લાગે મીરાંબાઈ, પળમાં લાગે દીવો;
લીલીછમ પીડાના પથ પર સર્જન ઊંચું જીવો.
આતમપીડન-જીવનજોખમ, એ તો સહેજે સહેલ ચડી...
          વીજળીતારે વેલ ચડી!

ઘેલીને જઈ કોઈ વારો, ડારો પાછી વાળો;
ઝેર કટોરો લઈ ઊભો છે કરંટ ત્યાં ભમરાળો.
ગાંડીપો કોઈને ના ગાંઠે એ તો ગઈ અલબેલ ચડી...
          વીજળીતારે વેલ ચડી!

## અંધારાનું ઝાડ

અંધારાના ઝાડ ઉપર રાત ચડી ગઈ;
ઊંચા તોતિંગ તાડ ઉપર રાત ચડી ગઈ!

ઘડિયાળના કાંટા પર લટકી પતંગ છે ગૂંચવાણી;
દીવા કેરી દોરી લઈ હું કરતી ખેંચમતાણી.
વિચારવાયી વાડ ઉપર રાત ચડી ગઈ!
　　　　અંધારાના ઝાડ ઉપર રાત ચડી ગઈ!

ભીની આંખે લપસી, ટોચે જઈને સવાર બેઠી;
પાપણ જોડી લાખ-નમું, ના આવે ધરાર હેઠી.
ઉજાગરાના પહાડ ઉપર રાત ચડી ગઈ,
　　　　અંધારાના ઝાડ ઉપર રાત ચડી ગઈ!

## ધુમ્મસમાં માછલી

ધુમ્મસમાં માછલી તરતી મૂકી;
બાંધ્યો હવામાં એક દરિયો ઉછળતો ને દરિયાની જાત પછી ખરતી મૂકી,
ધુમ્મસમાં માછલી તરતી મૂકી!

દરિયાની કેટલી છે લંબાઈ? બોલ કાળ, દરિયામાં કેટલાં છે મોતી?
વાયરો વાય એમ અણસારો થાય મને, માછલીએ પારિજાત જોતી.
ચીતરે છે સતરંગી અવસર તો સૂરજ ને સૂરજની વાડ પછી ફરતી મૂકી,
ધુમ્મસમાં માછલી તરતી મૂકી!

કાળી ઘટાઓના જોયા ઉલાળા તો આગિયાઓ મૂછોમાં હસતાં;
મરજીવો મૂંઝાતો... આખર, ક્યાં જાશે? આ દરિયા તો લાગે છે ખસતાં.
શમણાંની હોડીમાં તરતી માછલિયું ને આંખ્યુંને પાછી નીતરતી મૂકી,
ધુમ્મસમાં માછલી તરતી મૂકી!

વાદળને ચીરીને હમણાં, આ ઘડીએ, એ સૂરજના સૈનિકો આવશે;
ઝાકળના ધબકારા લેતી માછલીઓ પર હણહણતાં ઘોડા દોડાવશે.
પશ્ચિમમાં પર્વત તો ઊંચો ચડેલી ને પૂરબમાં 'નિશા' ઊતરતી મૂકી,
ધુમ્મસમાં માછલી તરતી મૂકી!